# ભારત માટે પ્રમુખીય લોકશાહી - સુયોગ્ય વિકલ્પ

આપણા બંધારણના ઘડવૈયાઓએ લાંબી ચર્ચા વિચારણા કરી ઘડેલા બંધારણની ગણના વિશ્વના સૌથી લાંબા બંધારણ તરીકે થાય છે. આ બંધારણમાં કટોકટીના કાળ સિવાય પ્રજાના મૂળભૂત અધિકારોની રક્ષા બરાબર કરવામાં આવી છે પણ સરકારની કાર્યપદ્ધતિ ઘડવામાં અલ્પ ફેરફારો સિવાય બ્રિટીશ પદ્ધતિનું અનુકરણ કર્યું છે. બ્રિટનના રાજવીની માફક આપણે પ્રમુખને ઔપચારિક વડા તરીકેનું સ્થાન આપ્યું છે.

એ નિ:શંક છે કે બ્રિટીશ પદ્ધતિનો પરિચય અને લોકશાહીના આદ્ય સંસ્થાપકોમાં બ્રિટન જેની ગણના થાય છે તે હકીકતના પ્રભાવ હેઠળ આપણે બ્રિટીશ સંસદીય પદ્ધતિ અપનાવી હતી. મર્હુમ શ્રી. ચાગલા ( જેમની ગણના ભારતના અગ્રગણ્ય કાયદાશાસ્ત્રીઓમાં થતી હતી ) ના મંતવ્ય પ્રમાણે " સંસદીય લોકશાહીની પસંદગી કરવાના મુખ્ય કારણોમાં આઝાદી પહેલા આપણે ત્યાં કેન્દ્ર અને રાજ્યોની ધારાસભાઓની કાર્યવાહી બ્રિટીશ પદ્ધતિ અનુસાર થતી હતી અને આપણે તે પદ્ધતિથી પૂરેપૂરા પરિચિત હતા. એક જ ચૂંટાયેલી વ્યક્તિને સર્વોચ્ચ સ્થાન સોપવામાં આપણને રાજાશાહીની યાદ સતાવતી હતી."




બ્રિટન તરફથી-સપ્રેમ!

છેલ્લા ૬૪ વર્ષમાં દિનપ્રતિદિન કુદકે ને ભૂસકે વધતા જતા ભ્રષ્ટાચાર અને સર્વત્ર પગદંડો જમાવી બેઠેલા ધંધાદારી રાજકારણીઓની બનેલી સરકારોના ગેરવહીવટથી ભરપૂર રાજયશાસન, સંનિષ્ઠ નેતાગીરીનો પ્રવર્તતો શૂન્યાવકાશ વગેરે જોતા આપણે અપનાવેલ શાસન પદ્ધતિની નિષ્પક્ષપાતી પણે અન્ય દેશો જેવાકે અમેરિકા, ફ્રાંસ, જર્મની વગેરેએ અપનાવેલ લોકશાહી શાસન પદ્ધતિ સાથે સરખામણી કરી આપણી હાલની શાસન પદ્ધતિના સુયોગ્ય વિકલ્પ તરીકે વિચારવાનો સમય હવે પાકી ગયો છે.

Scanned with ACE Scanner

એ જાણવું રસપ્રદ બની રહેશે કે આપણે સંસદીય શાસન અપનાવ્યું તેમાં મુખ્યત્વે આપની બ્રિટીશ સંસદીય શાસન પ્રણાલીની પરિચિતતાએ મુખ્ય ભાગ ભજવ્યો હતો જયારે અમેરિકા કે જેઓએ પણ આપણી જ જેમ બ્રિટીશરો સામે લડીને સ્વતંત્રતા મેળવી હતી અને જેઓ આપણા કરતા પણ બ્રિટીશ પદ્ધતિથી વધારે પરિચિત હતા, ( હકીકતમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ વખતે અમેરિકન વસાહતીઓનો મોટો ભાગ બ્રિટનથી સ્થળાંતર કરીને અમેરિકા આવ્યો હતો અને અમેરિકાના પૂર્વ વિસ્તારમાં જ્યાં આ લોકો સ્થાયી થયા હતા તે વિસ્તાર પણ ન્યુ ઈંગ્લેંડ તરીકે જાણીતો થયો છે ) તેઓએ અલગ સ્વરૂપની લોકશાહી એટલેકે પ્રમુખીય પદ્ધતિની લોકશાહી અપનાવવાનું શા માટે પસંદ કર્યું હતું ? આના સંદર્ભમાં અમેરિકન બંધારણ ઘડતી વખતે જે ચર્ચા વિચારણા થઇ હતી તે આપણા માટે ઘણું સૂચક બની રહે છે. આપણા બંધારણના ઘડવૈયાઓએ જો આના પર પૂરતું લક્ષ્ય આપ્યું હોત તો નિ:શંક તેઓએ બ્રિટીશ મોડલ અપનાવતા પહેલા ફેરવિચારણા કરી હોત. આજે ૬૪ વર્ષના અનુભવ પછી આપણે અપનાવેલ શાસનપદ્ધતિના અને દિનપ્રતિદિન કથળતા જતા શાસન અને ભ્રષ્ટાચારે મુકેલી માઝા જોતા હવે ફેરવિચારણા કરવાનો સમય પાકી ગયો છે. અમેરિકન બંધારણના ઘડવૈયાઓને દહેશત હતી કે બ્રિટને અપનાવેલ સંસદીય પદ્ધતિની સફળતા મહદ્ અંશે સંગઠિત અને મજબૂત દ્વિપક્ષીય પદ્ધતિ ઉપર અવલંબિત છે. જયારે અમેરિકા કે જ્યાં ભવિષ્યમાં યુરોપના વિવિધ દેશોમાંથી વસાહતીઓ સ્થાયી થવાના હતા એ જુદા જુદા દેશોની પ્રજા કે જે અલગ ભાષાઓ, ધર્મો, સંસ્કૃતિઓ અને પરસ્પરવિરોધી હિતસંબંધીઓ ધરાવતી હોય ત્યાં વખત જતા બહુવિધ પક્ષો ઉદ્દભવવાની પૂરેપૂરી શક્યતા હોવાથી આવી અનેકવિધ પક્ષોની બનેલી સરકાર સંસદીય પદ્ધતિ પ્રમાણે ચાલશે તો તે અસ્થિર અથવા નબળી હોવાની પૂરેપૂરી શક્યતા ઉભી થશે.

વાંચકોને ખ્યાલ હશે કે યુરોપમાં બ્રિટન ઉપરાંત ફ્રાંસ, ઇટલી, સ્પેન, પોર્ટુગલ, જર્મની, હોલેંડ વગેરે દરેક દેશો પોત પોતાની ભાષા અને સંસ્કૃતિની અલગ ઓળખ ધરાવે છે અને આ દેશો વચ્ચે સદીઓથી અંદરોઅંદર સતત ઘર્ષણ અને લડાઈઓ થતી હતી. છેલ્લા બે વિશ્વયુદ્ધ નું ઉદ્દભવસ્થાન પણ યુરોપ જ હતું. આ ઘર્ષણ અને લડાઈઓમાં આ દરેક દેશ પોતપોતાના સ્વાર્થ અનુસાર એકબીજાને સાથ દેતા રહ્યા હતા. દા.ત. ફ્રાંસ અને બ્રિટન વચ્ચે અવારનવાર લડાઈઓ થતી રહી હતી પણ પ્રથમ વિશ્વયુદ્ધ વખતે આ બંનેએ સાથી દેશો તરીકે જર્મનીની સામે લડ્યા હતા. ઈટલી પહેલા વિશ્વયુદ્ધમાં જર્મની સામે લડ્યું હતું પણ બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીનો સાથ લઇ ફ્રાંસ અને બ્રિટન વિરુદ્ધ લડ્યું હતું. આવા તો કંઈક દાખલા ટાંકી શકાય.

Scanned with ACE Scanner

આ બધી શક્યતાઓને લક્ષમાં લઇ તેઓએ નવી લોકશાહી પદ્ધતિની રૂપરેખા ઘડી જે પ્રમુખીય લોકશાહી તરીકે જાણીતી છે. આ પ્રકારની સરકારમાં પ્રમુખ રાજ્યના વહીવટી વડાનું પણ સ્થાન અને સત્તા ધરાવે છે. પ્રમુખની ચૂંટણી સમગ્ર દેશના લોકો દ્વારા સીધા મતદાનથી થાય છે અને ચૂંટાયા પછી તેઓની મુદત ચાર વર્ષના સમયગાળા પૂરતી નિશ્ચિત હોય છે. એક વાર ચૂંટાયા પછી પ્રમુખને દેશના પ્રતિભાશાળી યોગ્ય વ્યક્તિઓની પ્રધાનમંડળ માં સીધી નિમણુક કરવાની છુટ આપવામાં આવી છે.

અમરિકાના બંધારણના ઘડવૈયાઓએ જે દહેશત સેવી હતી કે યુરોપના વિવિધ દેશોના વસાહતીઓ પોતપોતાની ભાષા, સંસ્કૃતિ વગેરેના આધારે નવા પક્ષો રચતા રહેશે તે દહેશત આપણો પોતાનો છેલ્લા ચોસઠ વર્ષના અનુભવ જોતા કેટલી સાચી હતી તેનો ખ્યાલ આવશે. સ્વાતંત્ર પ્રાપ્તિ વખતે આપણે ત્યાં શરૂઆતના ૨૫ - ૩૦ વર્ષ સુધી રાજ્યકક્ષાએ તથા કેન્દ્ર કક્ષાએ કોંગ્રેસ પક્ષનું લગભગ એકચક્રીય શાસન હતું પણ સમય જતા આપણે ત્યાં ભાષા, જાતિ અને પ્રાદેશિક ધોરણે નવા નવા રાજકીય પક્ષોનું અસ્તિત્વ ઉભું થતું રહ્યું છે. આજે મહારાષ્ટ્રમાં મરાઠી ' માનુસ ' ના હિતો ધરાવતી શિવસેના ( અને હવે રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ( મ.ન.સે.), આન્ધ્ર પ્રદેશમાં તેલગુ દેશમ અને હવે અલગ તેલંગણા રાજ્યની માંગ માટે રચાયેલી તેલંગના રાષ્ટ્ર સમિતિ તમિલનાડુમાં બબ્બે ડી. એમ. કે. ( દ્રવિડ મુનેત્ર કળગમ અને એમ. જી. રામચન્દ્રન દ્વારા સ્થપાયેલો અને હવે જયલલિતાના નેતૃત્વ હેઠળનો ઓલ ઇન્ડિયા અન્ના ડી. એમ. કે.), ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોરચો, પંજાબમાં અકાલી દલ, પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની ત્રિનામુલ કોંગ્રેસ, કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ અને પી. ડી. પી., આસામમાં આસામ ગણ પરિષદ, ઓરિસ્સામાં બિજુ જનતા દલ, ટચુકડા નાના રાજ્યો જેવા કે મિઝોરામમાં મિઝોરામ નેશનલ ફ્રન્ટ, નાગાલેંડમા નાગાલેંડ પિપલ્સ ફ્રન્ટ, ગોવામાં મહારાષ્ટ્ર ગોમાંતક પક્ષ, આ ઉપરાંત બાકી હોય તેમ જ્ઞાતિ આધારિત પક્ષો જેમ કે યુ. પી. માં માયાવતીનો બહુજન સમાજ પક્ષ, મુલાયમ સિંઘની સમાજવાદી પાર્ટી, બિહારમાં લાલુ પ્રસાદનો રાષ્ટ્રીય જનતા દલ, દલિતોની રિપબ્લિક પાર્ટી વગેરે, જાણે કે ભાષા, જાતિ અને પ્રાદેશિક ધોરણે રચાયેલા પક્ષોનો જાણે કે રાફડો ફાટ્યો છે.

Scanned with ACE Scanner


## દ્વિપક્ષીય પદ્ધતિને પ્રોત્સાહન

અમેરિકન લોકશાહીમાં પક્ષ પદ્ધતિને પ્રોત્સાહન ન મળવા છતા, એક થોડું નવાઈ લાગે તેવું સત્ય એ છે કે વખત જતા ત્યાં તંદુરસ્ત કહી શકાય તેવી દ્વિપક્ષીય પદ્ધતિ સ્થાપિત થવા પામી છે. અમેરિકાની પ્રમુખ પદ્ધતિની ચૂંટણીઓનો અભ્યાસ સૂચવે છે કે એમાં નાનકડા પક્ષોના ઉદભવને અનુમોદન કે પ્રોત્સાહન મળતું નથી આનું મુખ્ય કારણ પ્રમુખીય ચૂંટણીના પરિણામો પર નાના પક્ષો કે જૂથોની ખાસ કંઈ અસર થતી નથી. છેલ્લા દોઢસો વર્ષોથી ત્યાં રિપબ્લિક અને ડેમોક્રેટિક એ બે મુખ્ય પક્ષોનું અસ્તિત્વ છે પણ વખતોવખત ત્યાં નવા પક્ષોનું સર્જન થતું રહે છે. પરંતુ સમય જતા આવા નાના નાના પક્ષોનું કાં તો વિસર્જન થઇ જાય છે અથવા આ પક્ષો મુખ્ય રાજકીય પક્ષોમાં જોડાઈ જાય છે. દા.ત.૧૯૬૮ માં અલ્બામા રાજ્યના ગવર્નર જ્યોર્જ વોલેસે ( જેઓ રંગભેદની નીતિના પ્રોત્સાહક હતા ) ડેમોક્રેટિક પક્ષમાંથી છુટા પડી અમેરિકન સ્વતંત્ર પક્ષની સ્થાપના કરી હતી અને આ પક્ષ વતી પ્રમુખપદના ઉમેદવાર તરીકે ઉભા રહ્યા હતા. આ ચૂંટણીમાં તેમને કુલ મતદાનના ૧૩.૫૯ ટકા મત મળ્યા હતા. પણ પ્રમુખ તરીકે ચૂંટાવા માટે જોઈતી બહુમતી મેળવવા માટે આ ટકાવારી ઘણી ઓછી હતી અને ચૂંટણી પછી આ પક્ષ નબળો પડતો ગયો અને ચાર વર્ષ પછી યોજાયેલી બીજી ચૂંટણીમાં તેમનાપક્ષનું અસ્તિત્વ સુદ્ધા લગભગ મટી ચુક્યું હતું. આવી જ રીતે ૧૯૮૦માં જ્યોર્જ એન્ડરસને રિપબ્લિક પક્ષમાંથી છુટા પડી એક નવો પક્ષ સ્થાપી એ પક્ષના ઉમેદવાર તરીકે પ્રમુખની ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું. તેમને કુલ મતના ૬.૬ ટકા મત મળ્યા હતા. આ ટકાવારીની ચૂંટણીના પરિણામો પર ખાસ અસર નહિ થતા એન્ડરસને પોતે જ ૧૯૮૪ની ચૂંટણી પહેલા આ પક્ષનું વિસર્જન કરી પોતાના ટેકેદારોને ડેમોક્રેટિક પક્ષના ઉમેદવારને મત આપવા અપીલ કરી હતી.

અમેરિકાની આવી પરિસ્થિતિની આપણા દેશ સાથે સરખામણી કરીએ તો આપણે ત્યાં અનેક વિવિધ પક્ષોની બનેલી મિશ્ર ( coalition ) સરકારોમાં કુલ મતની નજીવી ટકાવારી ના મત મેળવનારો નાનકડો પક્ષ પણ આપણે અપનાવેલ સંસદીય શાસન પદ્ધતિમાં ચૂંટણી પછી ' કિંગમેકર ' ની ભૂમિકા ભજવી શકે છે. આથી, નાના પક્ષોના અસ્તિત્વને આપણી પદ્ધતિમાં હકીકતમાં પ્રોત્સાહન મળે છે અને સરવાળે આવા પક્ષોના સર્જનને અનુમોદન પણ મળે છે. આના અનેક ઉદાહરણો ટાંકી શકાય તેમ છે. દા.ત. ૧૯૯૮ ની લોકસભાની ચૂંટણીમાં શ્રીમતી જયલલિતા નો અન્ના દ્રમુક પક્ષ ૫૪૨ સભ્યોની લોકસભામાં

Scanned with ACE Scanner

માત્ર ૧૮ સભ્યો ધરાવતો હતો. ટકાવારીની દ્રષ્ટીએ જોઈએ તો કુલ સભ્યોના માત્ર ૩.૫ ટકાથી પણ ઓછા સભ્યો હતા. તેમ છતાં શ્રીમતી જયલલીતા શ્રી વાજપાયીની મિશ્ર સરકારના એક વર્ષના સમયગાળામાં કિંગમેકરની ભૂમિકા ભજવતા રહ્યા કેમકે નજીવી બહુમતી ધરાવતી મિશ્ર સરકાર જો આ અઢાર સભ્યોનો ટેકો ગુમાવે તો સરકારનું પતન નિશ્ચિત હતું. આનો પૂરો લાભ ઉઠાવી શ્રીમતી જયલલિતા મરજીમાં આવે તેવી શરતો રજૂ કરતાં રહ્યા, અને છેવટે તેમણે સરકારને ગબડાવવામાં પણ સફળતા મેળવી. જયલલિતાએ ભજવેલ રોલનું અવારનવાર પુનરાવર્તન થતું રહ્યું છે. જેમ કે હાલમાં ડી.એમ.કે. પક્ષનો ટેકો જાળવી રાખવા માટે રાજાના ૧૭૬ લાખ કરોડના કૌભાંડ સામે પણ મનમોહન સિંઘની સરકારે આંખ મિચામણા કરવા સિવાય કઈ છુટકો નહોતો એમ કહેવામાં અતિશયોક્તિ નથી. હાલ તાજેતરમાં ૧૯ સભ્યો ધરાવતી મમતા બેનરજી ની ત્રિનામુલ કોંગ્રેસ પણ સરકારને નચાવી રહી છે.



મજબૂત ટેકો !

<u>ફ્રેંચ ઉદાહરણ</u>


પ્રમુખશાહી સ્વરૂપની સરકારમાં બહુપક્ષીય પદ્ધતિને પ્રોત્સાહન નથી મળતું. એના અન્ય સફળ ઉદાહરણમાં ફ્રાંસનો દાખલો પણ લઈ શકાય. ૧૯૪૬ - ૫૮ના સમયગાળામાં ત્યાં સંસદીય સ્વરૂપની સરકાર હતી અને આપણી જેમ ફ્રાંસની પ્રજાએ પણ સતત અસ્થિર સરકારોના સાક્ષી બનવું પડ્યું હતું. આ અરસામાં ત્યાં નવાનવા પક્ષો રચાયા રહેતા અને હયાત પક્ષોમાં ભંગાણ પડતા રહેતા હતા. વિસ્તારમાં આપણા કરતા ઘણા નાના એવા ફ્રાંસમાં ૧૪ રાજકીય પક્ષો હતા અને આ બાર વર્ષ દરમિયાન ત્યાં ૨૬ મિશ્ર સરકારો રચાઈ

Scanned with ACE Scanner

હતી. આ પરિસ્થિતિનો અંત લાવવા ડીગોલ ના નેતૃત્વ હેઠળ ૧૯૫૮માં લોકમત દ્વારા ફ્રાંસે પ્રમુખશાહી સરકારની પદ્ધતિ અપનાવ્યા બાદ દેશને સ્થિર સરકાર તો મળી પણ સાથે સાથે રાજકીય પક્ષોની સંખ્યામાં સતત ઘટાડો થતો રહ્યો છે. અગાઉના ૧૪ પક્ષોની સરખામણીએ હવે ત્યાં માત્ર ચાર જ મુખ્ય પક્ષો રહ્યા છે અને તે પણ ડાબેરી અને જમણેરી એમ બે મોટી યુતિમાં પરિવર્તિત થઈ ગયા છે. આમ, બહુધા તંદુરસ્ત કહી શકાય તેવી દ્વિપક્ષીય પદ્ધતિ સ્થાપિત થઈ છે.

## ભ્રષ્ટાચાર - યથા રાજા તથા પ્રજા

છેલ્લા બાવીસ વર્ષમાં આપણે ત્યાં સાત લોકસભાની ચૂંટણીઓ થઇ જેમાં ત્રણ મધ્યસત્ર ચૂંટણીનો સમાવેશ થાય છે. આ સમય દરમિયાન વિવિધ પક્ષોના શંભુમેળા દ્વારા રચાયેલી મિશ્ર સરકારોએ સત્તાના સુકાન સંભાળ્યા છે. આઝાદી પછી ૬૪ વર્ષમાં ધીરે ધીરે ભ્રષ્ટાચાર વધતો ગયો છે પણ છેલ્લા બાવીસ વર્ષોમાં આ ભ્રષ્ટાચાર નવા નવા શિખરો સર કરતો રહ્યો છે. કમનસીબે આ વ્યાપક રીતે છવાયેલા ભ્રષ્ટાચારથી હવે ન્યાયતંત્ર અને લશ્કર પણ બકાત નથી રહ્યા. હકીકતમાં તો સ્પેક્ટ્રમ ટુ-જી, કોમનવેલ્થ ગેમ્સ, આદર્શ હાઉસીંગ સોસાયટી અને જમીન અને ખાણકામ ને લગતા અન્ય સંખ્યાબંધ કૌભાંડોને કારણે લોકોનો રાજકીય તંત્રમાંનો વિશ્વાસ સંપૂર્ણપણે ડગી ગયો છે. દેશભરમાં સર્વત્ર વ્યાપક છવાયેલા ભ્રષ્ટાચારમાં નિ:શંક રાજકીય ભ્રષ્ટાચાર અને ખાસ કરીને પ્રધાનમંડળ માં વ્યાપેલા ભ્રષ્ટાચારે મોટો ભાગ ભજવ્યો છે. જુદા જુદા રાજકીય પક્ષોની બનેલી મિશ્ર સરકારોમાં સરકારને સમર્થન / ટેકો આપવાના બદલામાં આ રાજકીય પક્ષો મોટી કિંમત વસુલ કરતા રહ્યા છે. જાણીતી સંસ્કૃત ઉકિત ' યથા રાજા તથા પ્રજા ' છે. ચૂંટાઈ આવ્યા પછી પછી આપણે ત્યાં પ્રધાનમંડળ રાજાનું સ્થાન ભોગવે છે અને રાજકીય ક્ષેત્રે વધતો જતો ભ્રષ્ટાચાર હવે ધીરે ધીરે પ્રજાના છેક



હું તમારી કરતા વધારે પ્રમાણિક છુ. તમારી ઉપર ૮ ભ્રષ્ટાચાર ના કેસની કાર્યવાહી ચાલે છે જ્યારે મારી ઉપર ફક્ત ૬ ની જ કાર્યવાહી ચાલે છે!

Scanned with ACE Scanner

નીચલા સ્તર સુધી પ્રસરતો ગયો છે. કોઈ પણ રાજકીય પદ્ધતિમાં ભ્રષ્ટાચાર સંપૂર્ણ રીતે ડામવો મુશ્કેલ છે પણ આપણે અપનાવેલી સંસદીય પદ્ધતિની સરખામણીમાં અમેરિકાએ અપનાવેલી પ્રમુખીય લોકશાહીમાં ભ્રષ્ટાચારને કાબૂમાં રાખવા માટે અંકુશો અને સમતુલા નિઃશંકપણે વધારે અસરકારક છે. એકવાર ચૂંટાયા બાદ પ્રમુખને સ્વચ્છ અને પ્રતિભાસંપન્ન વ્યક્તિઓનો પ્રધાનમંડળમાં સીધો સમાવેશ કરી સારું શાસન આપવાની પૂરેપૂરી તક મળી રહે છે. ચૂંટાયા પછી પ્રમુખને ભ્રષ્ટ સંસદસભ્યો કે પ્રધાનોના ટેકાની જરૂર રહેતી નથી. સત્તાના વિશ્લેષણના સિદ્ધાંત પર રચાયેલી સાચી પ્રમુખીય લોકશાહીમાં પ્રધાનમંડળમાં સંસદસભ્યોનો સમાવેશ કરવાનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. ( જો સંસદના સભ્યનો પ્રધાનમંડળમાં સમાવેશ કરવો હોય તો તેને સંસદમાંથી રાજીનામું આપવું જરૂરી રહે છે ) બીજી તરફ પ્રમુખ ઉપર સમતુલા જળવાઈ રહે તે માટે પ્રમુખે નિયુક્ત કરવા ધારેલા પ્રધાનપદના ઉમેદવારોને સંસદની મંજૂરીની જરૂર રહે છે. આ ઉપરાંત ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન ( એફ.બી.આય.) દ્વારા પ્રધાનપદ માટેની પસંદગી પામેલા દરેક ઉમેદવારનો રીપોર્ટ ખાનગીમાં પ્રમુખને પહોંચાડવામાં આવે છે. પ્રમુખની ચૂંટણી નવેમ્બરના પ્રથમ અઠવાડિયામાં થયા પછી લગભગ અઢી મહિનાના ગાળા પછી પ્રધાનમંડળની નિયુક્તિ થાય છે અને આ સમયગાળામાં પ્રધાનપદ અને અન્ય દરેક મહત્વની જગ્યાની નિમણૂક માટેના ઉમેદવારોની પૂરતી ચકાસણી કરવાનો સંસદને પણ સમય મળી રહે છે. આની સાથે સાથે સંસદના સભ્યો પણ પ્રધાનમંડળથી સંકળાયેલા નહિ હોવાથી તેઓ ને પણ ભ્રષ્ટાચારી પ્રધાનોને બચાવ કરવાનું કોઈ વિશેષ કારણ રહેતું નથી. હકીકતમાં ઘણીવાર પ્રમુખના પોતાના જ પક્ષના સંસદસભ્યો પણ આવા ભ્રષ્ટ પ્રધાનોને ખુલ્લા પાડતા અચકાતા નથી. આપણે ત્યાં જયારે ખૂબ જ ઉહાપોહ થાય ત્યારે ' ભ્રષ્ટાચાર સાંખી નહિ લેવાય ' અને ' ભ્રષ્ટાચારી પ્રધાન સામે પગલા લેવામાં કોઈપણ કચાશ રહેશે નહિ ' એવા પોકળ વચનો




વગર ધારના હથિયાર વડે સજાનો તમાશો !

સાંભળવા આપણે હવે ટેવાઈ ગયા છીએ. પ્રધાનમંડળની નિમણૂક સંસદના બહારના સભ્યોમાંથી લેવાની પ્રથા જાપાન જેવી સંસદીય પદ્ધતિને વરેલા દેશમાં પણ સ્વીકારવામાં આવી છે. જે અનુસાર વડાપ્રધાનને ૫૦ ટકા જેટલા પ્રધાનો સંસંદ બહારથી લેવાની છૂટ આપવામાં આવી . જર્મની કે જ્યાં ચાંસેલર વડાપ્રધાનનું સ્થાન અને સત્તા ભોગવે છે ત્યાં પણ ચાંસેલરને સંસદ બહારથી કોઈ પણ વ્યક્તિને પ્રધાનમંડળમાં સામેલ કરવાની સંપૂર્ણ છૂટ આપવામાં આવી છે.

<u>લોકપાલ ખરડો અને અન્નાનું અંદોલન</u>

છેલ્લા ૪૨ વર્ષથી ઠેલાતા રહ્યા પછી દેશભરમાં વ્યાપક છવાયેલા ભ્રષ્ટાચારથી સરકાર ઉપર હવે આ ખરડો પસાર કરવા પ્રચંડ દબાણ છે. આ ખરડા હેઠળ વડા પ્રધાનથી લઈને નીચલા સ્તરના સરકારી નોકર ઉપર ભ્રષ્ટાચારના આરોપ માટે લોકપાલને સ્વતંત્ર રીતે પોતાની કારવાઈ કરવાની છૂટ આપવાની ભલામણ છે. લોકપાલના મુદ્દે અન્ના હજારેએ છેડેલા અંદોલનને આમ જનતાનો વ્યાપક ટેકો પ્રાપ્ત થયો છે. પણ ભ્રષ્ટાચારને કાબુમાં રાખવા માટે લોકપાલની સાથે સાથે હાલની શાસન પદ્ધતિમાં પરિવર્તન લાવવું વધારે અગત્યનું છે. આજે જયારે રાજ્ય કે કેન્દ્ર સ્તરે પ્રમાણિક પ્રધાન શોધવો મુશ્કેલ છે અને લાખો સરકારી બાબુઓનો ખૂબ મોટો વર્ગ ભ્રષ્ટ છે તો લોકપાલ કેટલા પ્રધાનો કે સરકારી બાબુઓ સામે કાર્યવાહી કરતો રહેશે ? આપણે કેટલા લોકપાલો નિમશું અને તે માટે કેટલો મોટો સ્ટાફ ઉભો કરશું અને તે પણ ભ્રષ્ટ નહિ રહે તેની ખાતરી શું ?
છેલ્લા અઢાર મહિના દરમિયાન સ્પેક્ટ્રમ ૨-જી, કોમનવેલ્થ ગેમ્સ, આદર્શ હાઉસિંગ સ્કેમ ની તપાસો સુપ્રીમ કોર્ટના આદેશ હેઠળ સી. બી. આઈ. દ્વારા સતત ચાલી રહી છે પણ હજી સુધી આપણે પૂરો તાગ પણ મેળવી નથી શક્યા ( આ તો છીંડે ચડ્યો તે ચોર છે આવા તો કેટલાયે 'સ્કેમો' અને 'સ્કેન્ડલો' બહાર આવ્યા વગર દબાયા રહ્યા હશે ! ) જ્યાં સુધી આજની શાસન પદ્ધતિમાં મૂળભૂત પરિવર્તન નહિ આવે ત્યાં સુધી 'રાજા' કે 'કલમાડી' કે 'સુખરામ' કે 'યેદુરપ્પા' કે 'મધુ કોડા' ને પણ સારા કહેવડાવે તેવા ભ્રષ્ટ રાજકારણીઓ ફરી ફરી આવતા રહેશે અને આપણા પર રાજ્ય કરતા જ રહેશે. અન્ના અને એની ટીમે આ હકીકત પર વધારે પ્રાધાન્ય આપવાની જરૂર છે. પહેલેથીજ યોગ્ય અને પ્રમાણિક વ્યક્તિનો પ્રધાનમંડળ માં સમાવેશ થઇ શકે એવી શાસન પદ્ધતિની તાતી જરૂરિયાત છે અને ત્યાર પછી પણ ભ્રષ્ટાચારના કિસ્સા બહાર આવે તો લોકપાલની કાર્યવાહી સીમિત રહે પણ વધારે અસરકારક નીવડે.

Scanned with ACE Scanner

અન્ના સાહેબના આ આંદોલનને આમ જનતા દ્વારા મળેલા વ્યાપક ટેકાનો યોગ્ય શાસન પદ્ધતિ માટે જનજાગૃતિની ચળવળમાં રૂપાંતર કરવાની તક ઝીલી લેવાની જરૂર છે. કમનસીબે આ મુદ્દે તેઓનું ધ્યાન ખેચ્યા છતાં પણ તેઓ ' લોકપાલ ' થી આગળ વિચારવા તૈયાર નથી અને મોટા પ્રમાણમાં મિડીયા પબ્લિસીટી મળવાથી તેઓ બે વેત ઉપર ચાલતા હોય તેવું લાગે છે.

## પ્રમુખીય લોકશાહી વિષેની ગેરસમજ

પ્રમુખીય લોકશાહીની વિરુદ્ધમાં અવારનવાર દલીલ કરવામાં આવે છે કે આ શાસન પદ્ધતિમાં એક જ વ્યક્તિના હાથમાં વિશાળ સત્તા કેન્દ્રિત થાય છે અને તે સરમુખત્યારશાહી તરફ ઢળવા ની શક્યતા રહે છે. કોઈ પણ શાસન પદ્ધતિ હોય પછી તે સંસદીય હોય કે પ્રમુખીય પદ્ધતિ હોય તેનું સરમુખત્યારશાહી માં રૂપાંતર થાય કે નહિ તે બંધારણમાં ' અંકુશો અને સમતુલા ' ની જોગવાઈઓ ઉપર આધાર રાખે છે. ૧૯૨૦-૪૦ ના સમયમાં જર્મનીમાં સંસદીય લોકશાહી હતી ( આ સમયગાળો Third Reichstag તરીકે જાણીતો છે ) હિટલરે ૧૯૩૨ માં સત્તા ધારણ કરી, સાત વર્ષમાં સંસદીય લોકશાહીની મર્યાદાઓ ઓળંગી સરમુખત્યારની સત્તા ધારણ કરી લીધી હતી. આપણે ત્યાં પણ ૧૯૭૫-૭૭ માં ઈંદિરા ગાંધીએ કટોકટીની પરિસ્થિતિ જાહેર કરી સંસદીય શાસન પદ્ધતિનું લગભગ સરમુખત્યારશાહી માં પરિવર્તન કરી દીધું હતું. આ સમય દરમિયાન બંધારણનો ૪૨ માં સુધારો સંસદમાં પસાર કરવામાં આવ્યો હતો જે મુજબ બંધારણમાં ૩૬૮ ની કલમમાં ફેરફાર કરવાની સત્તા સંસદને પ્રદાન કરવામાં આવી હતી. આ સુધારાથી સંસદને બંધારણમાં કંઈપણ સુધારો કરવાની અબાધિત સત્તા આપવામાં આવી હતી અને સત્તાને સુપ્રીમ કોર્ટમાં પણ પડકારવી મુશ્કેલ હતી. સદભાગ્યે ૧૯૭૭ ની ચૂંટણીમાં જનતા પાર્ટી સત્તા ઉપર આવી અને આ સુધારાને રદ્દ કરવામાં આવ્યો. ન્યાયતંત્ર, વિધાયક સત્તા ( જે મુખ્યત્વે સંસદને આપવામાં આવી હોય છે ) અને વહીવટી સત્તા ( જે આપણે ત્યાં કેન્દ્ર સ્તરે વડા પ્રધાન અને તેનું પ્રધાન મંડળ અને રાજ્ય સ્તરે મુખ્ય પ્રધાન અને તેનું પ્રધાન મંડળ ભોગવે છે ) એ લોકશાહીના ત્રણ મુખ્ય આધારસ્થંભ કહી શકાય. સાચી પ્રમુખીય લોકશાહીમાં વહીવટી સત્તા અને વિધાયક સત્તા વચ્ચે સત્તાના યોગ્ય વિભાજનથી અંકુશો અને સમતુલા સચવાઈ રહે છે. આમ થવા માટે સંસદ અને વહીવટી સત્તા ધરાવનાર પ્રમુખ અને તેનું પ્રધાનમંડળ એકમેકથી અલગ રહેવા જરૂરી છે. અમેરિકા અને ફ્રાન્સે અપનાવેલ પ્રમુખીય લોકશાહી એ પ્રમુખીય શાસન તંત્રનો એક ઉમદા દાખલો પૂરો પડ્યો છે. આ બંને લોકશાહીમાં સંસદને વહીવટી સત્તામાંથી

Scanned with ACE Scanner

સંપૂર્ણપણે અલગ રાખવામાં આવી છે પણ સાથે સાથે પ્રધાનમંડળ ને અંકુશમાં રાખવાની સત્તા સંસદને પ્રદાન કરવામાં આવી છે અને પ્રમુખને પ્રધાનમંડળ ના કોઈ પણ સભ્યને શામેલ કરતા પહેલા સંસદની મંજુરી લેવી જરૂરી રહે છે. બીજી બાજુ સંસદને ધારાઓ પસાર કરવાની સંપૂર્ણ સત્તા આપવામાં આવી છે તો સાથે સાથે પ્રમુખને કોઈ પણ ધારો યોગ્ય ન લાગે તો ' વીટો ' વાપરવાની સત્તા પણ આપવામાં આવી છે. સંસદના કોઈ પણ સભ્યને કોઈ પણ ધારા ઉપર પોતાની મરજી પ્રમાણે યોગ્ય લાગે તે રીતે મત આપવાની છૂટ આપવામાં આવી છે ( આપણે ત્યાં પક્ષના વ્હીપનો આદેશ પક્ષ દ્વારા આપાય તો સંસદના સભ્યને તે પ્રમાણે જ ખરડા ઉપર વોટ આપવો બંધનકર્તા છે. આવી કોઈ પ્રણાલિકા અમેરિકામાં અમલમાં નથી ). કોઈપણ ખરડા ઉપર સંસદની સમિતિને તેના ઉપર સંપૂર્ણ રીતે અભ્યાસ કરી તેનો વિગતસર અહેવાલ તૈયાર કરી સંસદને પ્રદાન કરવો જરૂરી રહે છે અને તે અહેવાલ સંસદના દરેક સભ્યને ખરડો પસાર કરતા પહેલા ઉપલબ્ધ હોય છે અને આ અહેવાલનો અભ્યાસ કર્યા પછી દરેક સંસદ સભ્ય આ ખરડા ઉપર પોતાનો મત પક્ષ કે પ્રમુખ તરફથી કોઈપણ પ્રકારના દબાણ વગર આપી શકે છે.




કોંગ્રેસ દ્વારા સતત ચકાસણી!

લેખના અંતમાં બાબા સાહેબ આંબેડકરે બંધારણ સભા માટેની લખેલી નોંધ ઘણી સૂચક અને જાણે કે ભવિષ્યની આગાહી કરી હોય તેવું લાગે છે તેનો ઉલ્લેખ યથાર્થ રહેશે. તેમણે જણાવ્યું હતું કે, " નાતજાત અને સંપ્રદાયો વચ્ચે ના ઘર્ષણો ને લક્ષમાં લેતા ભારતની સંસદમાં અસંખ્ય પક્ષો અને જૂથો સર્જાશે તેવી પુરેપુરી શક્યતા છે. આવી પરિસ્થિતિમાં, એક વાત નીશ્ચિત છે કે આપણે અપનાવેલી સંસદીય પદ્ધતિમાં સ્થિર સરકાર હોવી મુશ્કેલ હશે.આવા

Scanned with ACE Scanner

પક્ષો અને જુથો પોતાના નજીવા સ્વાર્થ માટે અંદરોઅંદર સતત લડતા રહેશે અને સરકારને ઉથલાવવાની પેરવી કરતા રહેશે. વારંવાર પતન થતી સરકારથી દેશમાં અરાજકતા ફેલાશે. જો આમ બને તો, અમેરિકન ઢબની સરકાર કે જે પણ સંસદીય પદ્ધતિ જેટલી જ લોકશાહીવાદી અને જવાબદાર શાસન પદ્ધતિ છે, તે આપણો વિકલ્પ બની રહેશે."

બંધારણ સભાના ચેરમેન તરીકે ડો. આંબેડકર ને ભારતીય બંધારણના ' ઘડવૈયાઓ ' માં અગ્રેસર ગણવામાં આવે છે. પણ હકીકતમાં ડો. આંબેડકરે ૨ જી સપ્ટેંબર ૧૯૫૩ માં જે શબ્દો ઉચાર્યા તે આ માન્યતાનું સંપૂર્ણ ખંડન કરે છે. ' મારા મિત્રો મને કહે છે કે આ બંધારણનું ઘડતર મારા હાથે થયું છે પણ આ બંધારણ મને બિલકુલ પસંદ નથી. એ કોઈને પણ અનુકુળ આવે તેવું નથી. આને જો બાળીને નષ્ટ કરવું હોય તો તેમાં હું પહેલ કરવા પણ તૈયાર છું ' ( શ્રી અરુણ શૌરીએ ૨૦૦૭ માં લખેલ ' સંસદીય લોકશાહી ' પુસ્તક પૃ. ૧૮ ) આજે જો ડો. આંબેડકર જીવતા હોત અને આ બંધારણની ફલશ્રુતિ તરીકે આપણે અપનાવેલ સંસદીય શાસન પ્રણાલીમાં જે રીતની ભ્રષ્ટાચારે મઝા મૂકી છે અને રાજકારણીઓએ લાભ ઉઠાવ્યો છે તે જોતા આ શાસન પદ્ધતિ બદલવા માટે તેઓ જેહાદ ઉઠાવત તેમાં કોઈ શંકા નથી.

Scanned with ACE Scanner

પક્ષને મળેલ મતો પ્રમાણે ૫૦ ટકા સીટોની ફાળવણી Annexure A

સાચી પ્રમુખીય લોકશાહીની સાથે સાથે આપણે હાલની ચૂંટણી પદ્ધતિમાં પણ અમુક સુધારા કરવાની તાતી જરૂરિયાત છે. ઉમેદવારને વિધાનસભા કે લોકસભામાં ચૂંટાવા માટે આપણી હાલની પદ્ધતિ પ્રમાણે જે ઉમેદવારને સૌથી વધારે મત મળે તે ચૂંટાયેલો જાહેર થાય છે. આના સંદર્ભમાં જર્મનીએ અપનાવેલ પદ્ધતિ બિરદાવવા જેવી છે. આપણે હાલ અપનાવેલ પદ્ધતિમાં ઘણી વખત પોતાને મેળવેલા મતોની ટકાવારીકરતા રાજકીય પક્ષોને મળતી સીટોમાં મોટો તફાવત જોવા મળે છે. દા.ત. હાલમાં જ થયેલી ઉત્તર પ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં માયાવતિની બી.એસ. પી. પાર્ટીને કુલ મતોના ૨૫.૯ ટકા મત પ્રાપ્ત થયા છે અને તેમના પક્ષને ૪૨૫ માંથી ૮૦ સીટ મળી છે. જયારે તેની સામે મુલાયમ સિંગના સમાજવાદી પક્ષે કુલ મતોના ૨૯.૨ ટકા મતો મેળવ્યા છે અને તેમના પક્ષને ૪૨૫ માંથી ૨૨૪ સીટો મળી છે. એટલેકે ફક્ત ૩.૪ ટકા વધારે મતો પ્રાપ્ત કરીને મુલાયમ સિંગના પક્ષને બી.એસ.પી. કરતા ૨૮૦ ટકા વધારે સીટો પ્રાપ્ત થઇ છે ! આજે સર્વત્ર અખિલેશ યાદવ હીરો બની ગયો છે પણ કોઈએ આ મુદ્દા ઉપર ચર્ચા નથી કરી. આવા અનેક દાખલાઓ ટાંકી શકાય. સૌથી વધારે અસમતોલપણું ૧૯૯૧માં તામિલનાડુની વિધાનસભાની ચૂંટણીમાં જોવા મળ્યું હતું. આ ચૂંટણીમાં ડી.એમ.કે. ને કુલ મતોના ૨૧.૪ ટકા મતો મેળવ્યા છતાં ૨૩૨ સભ્યોની વિધાનસભામાં ફક્ત એક જ સીટ પ્રાપ્ત થઇ હતી. ! જયારે ૪૪.૪ ટકા મતો પ્રાપ્ત કરનાર એ.આઈ. ડી.એમ.કે. એ ૧૬૩ સીટો જીતી હતી. જે કુલ સીટોની ૭૦ ટકા હતી. આ અસમતોલન દૂર કરવા માટે જર્મનીએ અપનાવેલ પદ્ધતિ અનુકરણીય છે. આ પદ્ધતિ હેઠળ ૫૦ ટકા બેઠકો રાજકીય પક્ષોને તેઓએ મેળવેલ મતોની ટકાવારી પ્રમાણે ફાળવવામાં આવે છે અને બાકીની ૫૦ ટકા આપણી પદ્ધતિ પ્રમાણે જે ઉમેદવાર સૌથી વધારે મત મેળવે તે પ્રમાણે ફાળવાય છે. હકીકતમાં જર્મનીમાં મત પત્રકને બે વિભાગમાં વહેચવામાં આવે છે અને મતદારને એક મત ઉમેદવાર માટે અને બીજો મત રાજકીય પક્ષની પસંદગી માટે હોય છે. અને ૫૦ ટકા બેઠકો રાજકીય પક્ષોએ મેળવેલ ટકાવારી પ્રમાણે ફાળવવામાં આવે છે. આ પદ્ધતિમાં અસમતુલન દૂર થવાની સાથે બીજો ફાયદો એ છે કે જે પક્ષને આપણે સમર્થન આપતા હોઈએ તે પક્ષે ચૂંટેલા ઉમેદવાર કરતા અન્ય રાજકીય પક્ષના ઉમેદવારની લાયકાત વધારે હોય તો મતદાતાને પાર્ટી અને ઉમેદવાર બેયને યોગ્યતા પ્રમાણે ચૂંટવાની તક મળી રહે છે. ( આ પદ્ધતિ પ્રમાણે પાર્ટીએ ટકાવારી પ્રમાણે જે સીટો તેઓને ફાળવવાની હોય છે તે માટે પોતાના નક્કી કરેલા ઉમેદવારોની યાદી અગાઉથી અગ્રતાક્રમ અનુસાર આપવી પડે છે અને સામાન્ય રીતે ટોચના આગેવાનોને પક્ષ તરફથી અગ્રતાક્રમ મળતો હોવાથી તેઓને ચૂંટણી જીતવા માટેની કડાકૂટ ન રહતા તેઓ રાષ્ટ્રીય ધોરણે પોતાના પક્ષની ચૂંટણી ઝુંબેશ પર વધારે ધ્યાન આપતી શકે છે અને પોતે કોઈ મતદાર ક્ષેત્રનું પ્રતિનિધિત્વ નહિ ધરાવતા હોવાથી તેઓનું દ્રષ્ટિબિંદુ વધારે વિશાલ બને છે.) આજે આપણે ત્યાં રાષ્ટ્રીય કક્ષાની પાર્ટીના ટોચના આગેવાનો પણ પ્રધાન કે મુખ્ય પ્રધાન યા વડા પ્રધાન પદે ચૂંટાયા બાદ પણ પોતે જે મતદાર વિસ્તારથી ચૂંટાયા હોય તેના વિકાસ માટે પોતાના હોદ્દાનો શક્ય તેટલો ઉપયોગ કરવા પ્રેરાય છે જે સમગ્ર રાજ્ય કે રાષ્ટ્ર હિત ની દ્રષ્ટીએ અયોગ્ય કહેવાય.

Scanned with ACE Scanner



## <u>ભ્રષ્ટાચાર નિવારણ માટે અઢી હજાર વર્ષ પહેલા ભગવાન બુદ્ધે શું કહ્યું હતું ?</u>

ભગવાન બુદ્ધે અઢી હજાર વર્ષ પહેલા પ્રધાનોના વ્યક્તિત્વ અને તેની પ્રજા પર થતી અસર વિષે જે કહ્યું છે તે આજે પણ એટલું જ વાસ્તવિક અને પ્રસ્તુત છે.

"તેમણે કહ્યું હતું કે જો કોઈ પ્રધાન પોતાના કર્તવ્યોથી વિમુખ થાય, પોતાનો સ્વાર્થ સાધે કે લાંચ લે તો તેને લીધે જનતાનું નૈતિક ધોરણ પણ નીચું જાય છે. પ્રજા છેતરપિંડી અને દગાબાજી ઝડપથી શીખી જાય છે, બળવાન નિર્બળો પર દાદાગીરી કરે છે, ધનવાન ગરીબોનો લાભ લે છે. ન્યાય ભાવના વિસરાઈ જાય છે. સંજોગો પણ એવા થઇ જાય છે કે વિશ્વસનીય પ્રધાનો જાહેર સેવામાંથી નિવૃત્તિ લઇ લે છે. સમજદાર વ્યક્તિઓ મૌન સેવે છે અને ખુશામતિયા અને કાવાદાવા કરનારાઓનું શાસન ચાલે છે. આ બધા પોતાના ગજવા ભરે છે અને લોકોના દુઃખદર્દની પરવા કરતા નથી. શાસન પ્રભાવહીન બની જાય છે. ન્યાયદંડ ધૂળમાં રગદોળાય છે. આવા શાસકો પ્રજાના સુખચેનના લૂંટારા છે. લૂંટારા કરતા પણ અધમ છે, કેમ કે આવા હીન કામ તેઓ સત્તાના સિંહાસનેથી કરે છે. રાજાનું કર્તવ્ય છે કે આવા પ્રધાનોને વીણી વીણીને ખતમ કરે."

ભગવાન બુદ્ધે આપેલા આ ઉપદેશ અક્ષરશ "THE TEACHING OF BUDDHA" માંથી લીધેલ છે. જે જાપાનમાં પ્રસિદ્ધ થયેલું અને જેની ૩૫ ભાષામાં આજસુધી ૮૦ લાખ નકલો પ્રકાશિત થઇ છે.

ભગવાન બુદ્ધના ઉપદેશની અસર તેમના નિર્વાણ પછી ઘણો લાંબો સમય એટલેકે ઈ.સ. ની સાતમી થી આઠમી સદી સુધી ઘણી પ્રબળ હતી અને ભારતના ઘણા રાજાઓએ બૌદ્ધ ધર્મ સ્વીકારી તેના અનુયાયીઓ બન્યા હતા. આ યુગમાં સમ્રાટ અશોક, હર્ષવર્ધન વગેરે પ્રતિભાશાળી રાજાઓએ શાસન કર્યું હતું. આજે પણ આ યુગની ગણના ભારતના 'સુવર્ણયુગ' માં થાય છે. આ રાજાઓના સુશાસન પાછળ ભગવાન બુદ્ધે આપેલા ઉપદેશની અસર નિઃશંક હશે. ( ખાસ કરીને પોતાના મંત્રીઓની નિમણુક કરતી વખતે ) ભગવાન બુદ્ધના નિર્વાણને ૨૫૦૦ વર્ષ વીતી ચૂક્યા છે, પણ ભારતની આજની સ્થિતિને માટે પણ આ શબ્દો કેટલા સાચા લાગે છે ! આજે જો આપણે એવી શાસન પદ્ધતિનું નિર્માણ કરી શકીએ કે જેમાં મંત્રીઓની નિમણુક તેમની કારકીર્દીને લક્ષમાં લઈને પૂરેપૂરી ચકાસણી પછી થાય તો નિઃશંક આપણો સુવર્ણયુગ ફરીથી આવશે. આ શક્યતા સાચી પ્રમુખીય લોકશાહીમાં આપણી હાલની સંસદીય લોકશાહી કરતા અનેકગણી વધારે છે

Scanned with ACE Scanner